ક્રમાંક : બમશ/૧૧૧૬/૬૫૫/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૯-૧૦-૨૦૧૬

પ્રતિ,
નિયામકશ્રી,
હિસાબ અને તિજોરી,
હિસાબ અને નિયામકની કચેરી,
ડૉ. જીવરાજમહેતા ભવન,
ગાંધીનગર.

વિષય:- બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા સીધી ભરતીના આચાર્યના પગાર ધોરણ બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે આપના તારીખ ૨૦-૦૮-૨૦૧૬ના પત્ર ક્રમાંક : હિતિનિ/PVU/ફા.નં.૨૨/૨૦૧૬/૨૦૩ માંગેલ માર્ગદર્શન બાબતે નીચે જણાવેલ સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારીઓ આચાર્ય તરીકે નિમણૂંક પામે ત્યારે એક ઈજાફો આપી પગાર બાંધણી નાણા વિભાગના તારીખ ૦૫-૦૧-૧૯૬૫ના ઠરાવ અન્વયે કરવામાં આવે છે તેમાં તારીખ ૧૯-૦૬-૨૦૦૪ પછી જે મદદનીશ શિક્ષકને ૧૪૦૦-૨૬૦૦ના પગાર ધોરણમાં હોય અને નવ વર્ષ બાદ ઉચ્ચતર પગાર ધોરણ મેળવી ૧૬૪૦-૨૯૦૦ના પગાર ધોરણમાં તારીખ ૦૧-૦૧-૧૯૬૫ના નાણા વિભાગના ઠરાવ મુજબ એક ઈજાફો આપી આચાર્યના પગાર ધોરણમાં નિમણૂંક અપાયેલ ત્યાં રીફીક્શેશન કરવાનું રહેશે નહીં કે કોઈ રીક્વરી કરવાની રહેશે નહીં. પરંતુ રૂ.૨૦૦૦-૩૫૦૦માં (૬૫૦૦-૧૦૫૦૦) ઉચ્ચતર પગાર ધોરણ મેળવીને આચાર્યના સંવર્ગમાં ફક્ત રૂ.૬૫૦૦-૧૦૫૦૦ (જુનું પગારધોરણ ૨૦૦૦-૩૫૦૦) ના પગાર ધોરણમાં આચાર્ય તરીકે નિમણૂંક પામેલ હોય અને તરીખ ૦૫-૦૧-૧૯૬૫ના ઠરાવ મુજબ આચાર્યના પગાર ધોરણમાં એક ઈજાફો

આપીને પગાર ફીક્સ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં વર્ષ ૨૦૦૪ (તારીખ ૧૯-૦૬-૨૦૦૪)
વર્ષ ૨૦૦૯ (તારીખ ૦૩-૧૨-૨૦૦૯) સુધીમાં જેઓને આ રીતે લાભ મળેલ હોય તેવા કિસ્સા
રીફીકશેશન કરી પગાર બાંધણી કરવાની રહેશે તથા રીક્વરી કરવાપાત્ર હોય તેવા કિસ્સામાં રીક્વ
કરવાની રહેશે.

(૨) સીધી ભરતીના આચાર્યની ભરતી તારીખ ૦૩-૧૨-૨૦૦૯ના ઠરાવમાં જણાવ્યા મુજબ થયેલ હોય તેન
રીક્વરી કે રીફીકશેશન કરવાનું રહેશે નહી.

(૩) વર્ષ ૨૦૦૯ (તારીખ ૦૩-૧૨-૨૦૦૯) પછી જો તારીખ ૦૫-૦૧-૧૯૬૫ના ઠરાવ અન્વયે એક ઈજા
આપી પગાર બાંધણી કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં પણ રીફીકશેશન કરવાનું રહેશે.

આપનો વિશ્વાસુ,

(કશ્યપ પાઠક)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ